# કુરાને પાક ઇસ્મે આઝમમાં

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુન્ઝાઇ

□

: ગુજરાતી ભાષાંતરકાર :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનાએ હિકમત–ઇદારાએ આરીફ
3–A, નૂર વીલા, ૨૬૯, ગાર્ડન વેસ્ટ, કરાચી–૩

# કુરાને પાક ઇસ્મે આઝમમાં

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન હુન્ઝાઇ

□

: ગુજરાતી ભાષાંતરકાર :

અકબર હબીબ રાજન

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

: પ્રકાશક :

ખાનાએ હિકમત–ઇદારાએ આરીફ

૩–A, નૂર વીલા, ૨૯૯, ગાર્ડન વેસ્ટ, કરાચી–૩

# કુરાને પાક ઈસ્મે આઝમમાં

## બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

આ એક સર્વમાન્ય હકીકત છે કે પવિત્ર કુરાનનો હેતુ (મકસદ), ઈરાદો ઈલ્મો-હિકમત અને ડહાપણ તથા માર્ગદર્શન દેવાનો છે. અર્થાત કુરાને મજીદ દુનિયામાં એટલા માટે મોકલવામાં આવ્યું છે કે લોકો તેના મારફત ખુદા અને રસૂલ (સ.અ.વ.) તથા ઉલીલ અમ્રની તાબેદારી કરે, જેથી અલ્લાહ તઆલાનો રાજીપો મળે, જેમાં (જીસ્મો-જાન) શરીર અને જીવની સલામતી અને ભલાઇ તથા ફતેહમંદી (સફળતા) સમાયેલી છે.

તમે ખુલ્લા દિલથી વિચારો કે કુરાન ખુદાની વાણી હોવાને કારણે મર્યાદિત હોવું જોઈએ કે અમર્યાદિત ? આ સવાલનો સંતોષકારક જવાબ તમને સૂરહ લુકમાન (૩૧)ની આયત નંબર ૨૭ અને સૂરહ કહફ (૧૮)ની આયત નંબર ૧૦૯ દ્વારા મળશે, કે 'અને જો પૃથ્વી પરનાં સઘળાં વૃક્ષોની કલમ બની જાય અને સઘળાં સમુદ્રો (શાહી) (INK) બની જાય અને તે બાદ બીજા સાત સમુદ્રો (શાહી બનીને) તેમને મદદ કરે, તો પણ અલ્લાહના બોલો પૂરા થાય તેમ નથી. બેશક અલ્લાહ સમર્થ અને હિકમતવાળો છે'; અને '(હે રસૂલ !) તું કહે કે મારા પરવરદિગારના કલમાઓ (લખવા)માટે જો (સઘળાં) સમુદ્રો શાહી બની જાય, તો એ પહેલાં કે મારા પરવરદિગારના કલમા પૂરા થાય (સઘળાં) સમુદ્રો (નાં પાણી) વપરાઇ જશે, (પછી) ભલેને અમે (તેમની) મદદ માટે એવાં જ (બીજાં પણ સમુદ્રો) લઇ

આવીએ.' હવે જો તમો (તર્ક કરીને) ખૂબ વિચારીને એ બતાવો કે જે કંઇ ખુદાતઆલાની પાસે છે, શું તે ક્યારેય ખતમ થાય છે (અંત પામે છે) ? દાખલા તરીકે કુરાન જે આ જાહેરી દુનિયામાં નાઝિલ થયું છે, શું તે હવે ખુદાની પાસે તદ્દન એ જ સ્થિતિમાં નથી, જેવું તે નાઝિલ થવા પહેલાં હતું ? તે વિશે કુરાને કરીમમાં ફરમાવેલું છે તે એ છે કે 'જે કંઇ (મનુષ્ય) ઇન્સાનની પાસે છે તેનો (સંપૂર્ણ) નાશ થઇ જશે (ખતમ થઇ જશે); અને જે કંઇ અલ્લાહની પાસે છે તે જ બાકી રહેનાર છે. (૧૬ : ૯૬)' આનો અર્થ એ થયો કે જો કે કુરાને પાક્નું નૂરાની રીતે જાહેર થવું સર્વપ્રથમ ખુદાઇ કલમ સ્વરૂપે 'કુન'ના હુકમથી થયું, પરંતુ તેમ છતાં 'કુન'ના શબ્દમાં એટલે કે સર્વવ્યાપી હુકમની અંદર કુરાનની મૂળ હાલત અને સ્થિતિ કોઇ પણ જાતના ફેરફાર વિના જેમની તેમ હતી, કેમકે ખુદાતઆલાનો હુક્મ હંમેશ માટે તથા અનંત–અખંડ રીતે શક્યતાનું મૂળ છે, જે ક્યારેય શક્યતારહિત નથી (શક્યતાથી ખાલી નથી).

પછી ખુદાઇ કલમ મારફત કુરાને મજીદ લોહે મહેફૂઝમાં સમાયું, એ જ રીતે કે જે રીતે એ જગ્યાએ તેને સમાવું જોઇએ; પણ કોઇ સમજદાર (અક્કલવાળો) હરગીઝ એમ નથી કહી શકતો કે હવે કુદરતની કલમમાં કુરાન રહ્યું નથી, કારણ કે તે લોહે મહેફૂઝમાં નાઝિલ થયું છે. સમજદાર (ડાહ્યા) લોકોના સમજવા મુજબ ખુદાઇ કલમની પ્રકૃતિમાં (જાતમાં) કુરાન જરા પણ વધ ઘટ વગર એ અર્થમાં મોજૂદ છે કે તે કલમ (અકલી) બુદ્ધિનું અસ્તિત્વ ધરાવે છે. મતલબ કે તે અકલે કુલ્લી (સર્વવ્યાપક બુદ્ધિ) છે અને જ્યારે બુદ્ધિના મૂળમાંથી

(સરચશ્માથી) કોઇ વસ્તુ નીકળે છે, તો તેની સ્થિતિ ભૌતિકતા થી વિરુધ્ધ હોય છે. મતલબ કે તેની જગા ખાલી નથી હોતી, પણ તે જ વસ્તુ તેની અસલ હાલતમાં ત્યાં પણ મોજૂદ હોય છે. (અક્લે કુલ્લી) સર્વવ્યાપક બુદ્ધિની ઉપમા ક્લમથી એ માટે આપવામાં આવી છે કે ક્લમમાં લખવાના ગુણોનો જે ભંડાર (ખજાનો) છે તે ખર્ચાયા છતાં પણ ઓછો નથી થતો. એક વાર ક્લમ થકી જે કંઇ લખાઇ જાય છે, તે જ જો ઇચ્છે તો હજાર વખત પણ લખી શકાય છે. આ ઉપમા થકી એ હકીકત જાહેર થાય છે કે કુરાને પાક ન ફક્ત આ જાહેરી દુનિયામાં મોજૂદ છે, પણ તે 'કુન' શબ્દ થકી ખુદાઇ ક્લમ તથા લોહે મહેફૂઝમાં પણ છે.

કુરાને હકીમ બાબતની હુકમની સ્થિતિ તથા હકીકત અને બુદ્ધિમય અસ્તિત્વ ના વર્ણન પછી તેના રૂહાની લખાણ બાબતનું વર્ણન આવે છે, જે લોહે મહેફૂઝમાં છે અને તે માટે સૂરહ......(૮૫)ની આ બે હિકમતસભર આયતોને નજર સમક્ષ રાખવી જોઇએ.

'બિલ હુવ કુરાનુમ્મજીદ ફી લોહે મહેફૂઝ--પરંતુ તે એક કીર્તિમય (અઝમતવાળું) કુરાન છે જે લોહે મહેફૂઝમાં લખેલું છે.' (૮૫: ૨૧-૨૨)

સ્પષ્ટ છે કે કુરાન લોહે મહેફૂઝમાં રૂહ અને રૂહાનીયત તરીકે સમાયેલું છે અને ન કે જાહેર અને ભૌતિક લખાણમાં, કેમકે લોહે મહેફૂઝ સર્વવ્યાપક રૂહ (નફસ) છે, માટે અહીં આપણે કુરાનના આ રૂહાની અસ્તિત્વને રૂહાની લખાણ પણ કહી શકીએ છીએ. બહરહાલ એ સત્ય તો સ્પષ્ટ થઇ ગયું કે કુરાન રૂહાની રીતે લોહે મહેફૂઝમાં સદા માટે મોજૂદ છે; અને લોહે મહેફૂઝનો મતલબ બ્રહ્માંડ (કાએનાત)ની

રૂહનો તખ્તો છે, જેમાં ન ફક્ત કુરાને મજીદ સદાને માટે (મહેફૂઝ) સચવાયેલું છે, પરંતુ તેમાં સઘળી વસ્તુઓની હંમેશાની દેખભાળ કરવામાં આવી છે.

જો તમોને એ સવાલ થાય કે કુરાની આયાત બ્રહ્માંડની રૂહમાં કઇ રીતે લખાયેલી અને સચવાયેલી છે, તો સૂરહ ૪૧ની આયત ૫૩માં જરા ધ્યાનપૂર્વક જુઓ, જેનો અર્થ અને સાર એ છે કે આ વિશાળ બ્રહ્માંડમાં પણ અને ઇન્સાનની રૂહ (નફસ)માં પણ અલ્લાહ તઆલાની આયાત છૂપાયેલી છે, જેને સામાન્ય માનવીઓ જોઇ નથી શક્તા, પણ તેમ છતાં એક એવો સમય પણ આવનાર છે કે તેમાં ખુદા તેઓને પોતાની નિશાનીઓ બતાવી દેશે. આ રીતે સાબિત થયું કે ક્યામતના જાહેર અને બાતિનમાં અને ખુદ ઇન્સાનની ઝાતમાં (હસ્તીમાં) રબ્બે કરીમની આયાત (નિશાનીઓ) સમાયેલી છે, પણ ખુદાઇ લખાણ ઇન્સાનના લખાણથી તદ્દન અલગ અને અત્યંત ઉચ્ચ છે; અને એ પણ જાણવું જોઇએ કે ખુદાવંદ તઆલાની સઘળી આયાત (નિશાનીઓ) પછી તે આકાશમાં (ક્ષિતિજ–જ્યાં જમીન આસમાન મળતાં દેખાય છે–તેમાં) હોય કે જીવન (જેને આપણી અક્કલ સમજી શકે–તેમાં) હોય તે કુરાન છે. પછી તે આયાત નિશાનીઓના અર્થમાં હોય કે જીવંત ચમત્કારના અર્થમાં; પણ કુરાન ખુદાઇ નિશાની પણ છે અને કુદરતનો ચમત્કાર પણ. આ એક સ્પષ્ટ સાબિતી છે જે લોહે મહેફૂઝમાં કુરાને મજીદના રૂહાની લખાણ વિશે રજૂ કરવામાં આવ્યું.

એથી આગળ વધીને અહીં એક સામાન્ય દૃષ્ટાંત પણ રજૂ કરવામાં આવે છે; અને તે એ છે કે જ્યારે એક વિદ્વાન કોઇ પુસ્તક

લખે છે તો તે પુસ્તક જૂના જમાનાની (પરંપરાથી ચાલી આવતી) વાત મુજબ એક જ સમયે ઓછામાં ઓછું ચાર ઠેકાણે મોજૂદ હોય છે. અર્થાત વિદ્વાનના મન-મગજમાં પણ, કલમમાં પણ, શાહીની બાટલી (ખડીયા)માં પણ અને પુસ્તકનાં પાનાઓ ઉપર પણ. જોકે પુસ્તક નું રૂપ, તેની રચના આ ચારેય અવસ્થામાં જુદા જુદા હોય છે. મતલબ કે પુસ્તક લેખકના મન-મગજમાં જુદી જુદી અવસ્થાઓના વિચારો અને કલ્પનાઓની હેસિયતે છે, કલમમાં અક્ષરોની જુદી જુદી હલનચલનના સ્વરૂપમાં છે. શાહીના ખડીયામાં ઇલ્મે હિકમતને લગતા બિંદુની એકતા સ્વરૂપે અને કાગળ ઉપર સ્થિર અક્ષરોના સ્વરૂપમાં ફેલાયેલા હોય છે, તો અગર કોઇ દિવ્ય-યશસ્વી દેવદૂત (કોઇ ફરિશ્તો) પુસ્તકના પૂર્ણ થતાં પહેલાં અથવા પછી ખુદાઇ નૂરના પ્રકાશમાં તે વિદ્વાનના આત્મા અને મગજ ઉપર દૃષ્ટિ નાખે, તો તેને વિચારોના સ્વરૂપમાં એ જ પુસ્તક મળશે, જે ત્યાંથી નીકળીને બાહ્યિક (બહાર-નજર આવે તેવી) સ્થિતિમાં આવનાર છે અથવા આવી ચૂક્યું છે. એ જ રીતે તે કલમની સઘળી હિલચાલનું રૂહાની અને ઇલ્મી રીતથી અવલોકન કરીને પૂરા પુસ્તકની વાતો બતાવી શકે છે; અને ખુદાની આંખથી જોતાં શાહીના બાતિનમાંથી પણ પુસ્તકનું સઘળું ઊંડાણ (તફસીલ) વાંચી શકે છે કે એક બિંદુ કઇ રીતે-જે દરેક વખતે શાહીના ખડીયામાંથી કલમની અણી ઉપર બદલી થતું રહ્યું-અને પોતાનાં જુદાં જુદાં જાહેરી સ્વરૂપો થકી સઘળા અક્ષરોને રૂપ આપ્યું.

ઉપર મુજબનાં ચાર સ્વરૂપો સિવાય, (વર્તમાન યુગ) હાલના

જમાનાની ઘણીય એવી હકીકતો છે, જેની મદદ વડે સાબિત કરી શકાય છે કે કોઇ પણ પુસ્તક ન ફક્ત જાહેરી અને નજરે પડનાર લખાણમાં રહેલું છે, પણ તેની સાથે સાથે એ પુસ્તકનાં બીજાં પણ ઘણાં સ્વરૂપ છે, જેમાંથી અમુકમાં તે બોલે છે, અમુકમાં ચુપ છે. દાખલા તરીકે ગ્રામોફોનને લઇએ, તેમાં રેકોર્ડ બની ગયા પછી તમો ઇચ્છો તો પુસ્તક બોલે છે, નહિ તો ચુપ રહે છે; અને તેમાં એક રીતે સચવોલી પણ છે. ટેલિફોન, વાયરલેસ અને રેડિયો પર ધ્યાનથી વિચારો કે શું આ વસ્તુઓ એક પ્રકારના પુસ્તકનું કામ આપી શકે છે કે નહિ ? સ્પષ્ટ છે કે ટેપરેકોર્ડ પણ પુસ્તકનું કામ આપે છે. સિનેમા અને ટેલિવીઝન તો રૂહાનીયતના જીવંત પુસ્તકનું એક ઉત્તમ ઉદાહરણ છે. માઇક્રોફિલ્મ અને ફિશફિલ્મ પોતે એક પ્રકારનાં (ખામોશ) ચુપ પુસ્તક છે. પરંતુ આ સઘળી વસ્તુઓ બહુ જ પવિત્ર અને અદ્દભુત હોવા છતાં જાહેરી, ભૌતિક અને દુન્યવી છે; અને તે બધા ય અપરિપક્વ અને અપૂર્ણ માનવીના પ્રયત્નોની પેદાશ છે, જે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતની સામે શૂન્ય છે, તો શું તેમ છતાં પણ આપણે કુદરતની કલમ અને લોહે મહેફૂઝને ભૌતિક અને માનવીની બનાવેલ વસ્તુઓની જેમ અક્કલ અને જાન (જીવ)ના ઉચ્ચ ગુણથી બાકાત (ઉચ્ચ ગુણ વગરના) સમજીએ ? અથવા તો કલમ અને લોહને બે મહાન ફરિશ્તા માનીએ કે જે સર્વવ્યાપક અક્કલ અને સર્વવ્યાપક રૂહ તથા મુહમ્મદ અને અલીના નૂર છે ? તો એ સત્ય છે કે કલમ નૂરે મુહમ્મદીનું નામ છે અને લોહે મહેફુઝ અલીનું નૂર છે.

એમાં કંઇ શંકા નથી કે કલમ અને લોહ તથા કુરાનની રૂહ અને રૂહાનિય્યત વિશે ચોક્કસ (ખાતરીપૂર્વક)નું જ્ઞાન–ઇલ્મુલ યકીન–મેળવવા માટે ઉપર મુજબની ભૌતિક ઉપમાઓથી ઘણી બધી મદદ મળી શકે છે. પરંતુ અહી એ મુદ્દો પણ બરાબર યાદ રહે કે અક્કલ તથા રૂહની હકીકત અને ભૌતિક પદાર્થની સ્થિતિ વચ્ચે આકાશ પાતાળનો ફેર રહેલો છે, તેમ છતાં જાહેરથી બાતિનમાં જવા માટે નીચલી કક્ષાની મિસાલથી ઉચ્ચની હકીકત સમજવા માટે આ જ એક રસ્તો છે, જેથી આપણે કુરાનની રૂહાનિયત અને નૂરાનિયતની ઓળખ કરવા વિશે (ઇલ્મુલ યકીન) ખાતરીપૂર્વકના જ્ઞાનથી (એનુલ યકીન) દૃષ્ટિમય જ્ઞાન તરફ આગળ વધી શકીએ કેજ્યાં સર્વવ્યાપક હકીકતોનું અવલોકન–અનુભવ થાય છે, અને એ જ રીતે સઘળી અકલી અને રૂહાની વસ્તુઓને વિશ્વાસ (યકીન)ની આંખો વડે જોવા અને ઓળખવાનું નામ મા'રફત છે, જેમાં કુરાનની દરેક દરજ્જાની મા'રફત પણ શામેલ છે. પણ અમુક લોકો વિચારે છે કે ફક્ત ખુદાની જ ઓળખ એ મા'રફત છે, જો આ વાત માની લેવામાં આવે તો એનો અર્થ એમ થશે કે અઝલ, અબદ (આરંભ–અંત) લા મકાન, લા ઝમાન, કલમ, લોહ, રૂહ, દોઝખ અને ક્યામત તથા તેમાં મોજૂદ દરેક વસ્તુઓની બકા તથા ફનાનું અવલોકન તથા ઓળખ ખુદાના દીદાર તથા મા'રફત કરતાં વધારે કઠણ છે, જો કે આ વિચાર (કલ્પના) યોગ્ય નથી, અને યોગ્ય વસ્તૂ એ જ છે જેમકે જણાવવામાં આવ્યું છે કે સઘળી બાબતોને (એનુલ યકીન) દૃષ્ટિના વિશ્વાસથી જોવા અને ઓળખવાનું નામ મા'રફત છે.

સૂરહ ઝુખરૂફની આયત નંબર ૩ અને ૪માં ફરમાવેલું છે કે 'ઇન્ન જઅલનાહુ અરબીય્યત લઅલ્લકુમ તઅકુલૂન' – 'વ ઇન્નહુ ફી ઉમ્મુલ કિતાબીદ દુનિયા લઅલીયુન હકીમ' (અર્થ) અમોએ તેને અરબી ભાષાનું કુરાન બનાવ્યું છે જેથી (અય અરબ) તમો (સહેલાઇથી) સમજી લ્યો અને તે અમારી પાસે ઉમ્મુલ કિતાબ (પુસ્તકની માતા)માં બહુ જ ઉચ્ચ અને હિકમતસભર છે. આનો મતલબ એ થયો કે કુરાન જ્યાં ઉમ્મુલ કિતાબમાં ખુદાની પાસે છે ત્યાં તે કરતાં પણ વધુ આલીશાન અને હિકમતથી ભરપૂર છે, અર્થાત કે તે રૂહાની લખાણ અને ખુદાઇ ભાષામાં છે જે હિકમતની ભાષા છે. બીજા શબ્દોમાં તે જીવંત અને બોલતું છે અને કુરાન જે ધરતી ઉપર ઊતર્યુ (નાઝિલ થયું) છે ત્યાં અરબી ભાષામાં છે કેમકે અલ્લાહ તઆલાનો પહેલેથી જ એ કાયદો રહ્યો છે કે તેણે દરેક પયગમ્બરોને તેની કૌમની ભાષામાં મોકલ્યો છે. (૧૪:૪) માટે જાહેરી રીતે રસૂલ (સ.અ.વ.)ના વખતના અરબ મુસલમાનોને મુસ્લિમ કોમમાં કેન્દ્રસ્થાનની હેસિયત મળેલી છે અને સઘળા મુસલમાન એક જ કૌમ છે; અને તેમની કૌમી ભાષા અરબી છે.

હઝરત રસૂલ સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસલ્લમનું ફરમાન છે કે, ઉમ્મુલ કિતાબ જાહેરીમાં સૂરહ ફાતેહાનું નામ છે અને બાતિનમાં ઉમ્મુલ કિતાબ અલી છે; અને આ બંને હકીકતો પોતપોતાની જગ્યાએ વ્યાજબી અને સત્ય છે. પરંતુ અહી એ સવાલ થઇ શકે છે કે સૂરહ અલહમ્દની અંદર જે પ્રકારે શબ્દો સમાવેલા છે તે પ્રત્યેક ફક્ત આ જ સૂરહ માટે છે અને બાકી કુરાનના ભાગો તેના પછી સેંકડો

પાનાઓ પર ફેલાયેલા છે, તો એ કેમ શક્ય છે કે આપણે સૂરહ ફાતેહામાં પૂરું કુરાન સમાઇ જવાની કલ્પના કરીએ ? આનો જવાબ એ છે કે જે રીતે કોઇ વૃક્ષના ફળની ગોટલીમાં ગર્ભ (મગઝ) હોય છે અને તે મગઝમાં મહાન વૃક્ષ પેદા કરવાની શક્તિ સમાયેલી હોય છે તે જ રીતે ઉમ્મુલ કિતાબ (સૂરહ ફાતેહા)માં સાર રૂપે પૂરું કુરાન છૂપાયેલું છે.

જે રીતે સૂરહ બકરહની આયત નંબર ૨૬૧માં દૃષ્ટાંત છે કે ઘઉંના દાણાથી સાત ડુંડાં અને પ્રત્યેક ડુંડામાંથી સો દાણા પેદા થાય છે; અને આ હિસાબ થકી એક જ પાક (ફસલ)માં એકના સાતસો દાણા બને છે; અને પરિણામ રૂપે તેમાં એટલા વધારાને સમાવવાની જગ્યા છે કે જગતભરની ખેતી માટે પૂરતાં બીજ થઇ જાય, પણ તેને માટે સમય જોઇએ. એ જ રીતે જરા ય સમય ગુમાવ્યા વગર, ઉમ્મુલ કિતાબના અર્થમાં એક સાથે સઘળાં કુરાનનો સાર સમાવેલો છે.

યાદ રહે કે સૂરહ ફાતેહાના શબ્દો અને અર્થો એટલા બહોળા અર્થવાળા-સંપૂર્ણ અને એવા સર્વમાન્ય છે કે તેમાં કુરાનની સંપૂર્ણ હકીકતો અને હિકમતો સમાવી દીધેલી છે; અને એ અલ્લાહ તઆલાની આદત અને પ્રણાલિકા છે કે તે પોતાની કુદરતની કમાલિયતથી એક પૂરી કાએનાતને એક અત્યંત નાનકડી વસ્તુમાં સમાવી દે છે; અને પછી નાનકડી વસ્તુને જગતની અતિશય વિશાળતાની બરાબર ફેલાવી દે છે, જેમકે તે સદાકાળથી 'કુન'ના એક જ શબ્દ વડે પૂરી કાએનાતને પેદા કરે છે અને પછી સઘળી કાએનાત તથા

તેમાં મોજૂદ વસ્તુઓને સૂક્ષ્મ અસ્તિત્વ બનાવીને એ જ સંપૂર્ણ–શક્તિમય 'કુન'માં સમાવી લ્યે છે. (૬ : ૭૩)

આ વિષયના બારામાં અહીં સુધી જે હકીક્તો અને જ્ઞાનની બાબતો વર્ણવવામાં આવી છે, તે થકી સ્પષ્ટ થાય છે કે ક્લામે ઈલાહી (ખુદાના શબ્દો) અનંત (લા મહેદૂદ) છે; અને તેનાં કેટલાં ય મૂળ ઉદ્દ્ભવસ્થાન (સરચશ્મા) છે, માટે કુરાનની હુકમ દેવાની સ્થિતિ 'કુન' શબ્દમાં છે. તેનું નૂરાની રૂપ અને અંક્લી અસ્તિત્વ ઈલાહી ક્લમમાં છે, તે રૂહાની રીતે લોહે મહેફુઝમાં છે જે સર્વવ્યાપક જીંવ (નફસે ક્લ્લી) છે. તેનો સાર ઉમ્મુલ ક્તિાબમાં છે; અને કુરાન પોતાના જાહેરી (તન્ઝીલી) સ્વરૂપે જેવું હોવું જોઈએ તેવું આ જગતમાં જાહેર છે; અને આ ભેદને હિકમતવાળાઓ (અહેલે હકીક્ત) સિવાય અન્ય કોઈ નથી જાણતું કે (ઈમામે મુકીમ) કાયમના ઈમામ હઝરત મૌલાના અબુતાલીબ અલૈહિસ્સલામે આં હુઝૂર (રસૂલ સલ્લમ હઝરત મુહમ્મદ)ને ઈસ્મે આઝમની કેળવણી આપી હતી (ઈસ્મે આઝમ શીખવ્યું હતું); અને તે વડે જ આપ (રસૂલ સલ્લમ) અલ્લાહ તઆલાની ખાસ યાદ (ખુસૂસી ઝીકર) કરી લેતા હતા, જેના પરિણામે આપ (સ.અ.) ઉપર કુરાન નાઝીલ થયું, જે આરંભમાં ક્લમ, લોહ, અસરાફીલ, મેકાઈલ અને જીબ્રઈલના મારફત નાઝીલ થયું હતું.

અમો ઉપર જણાવી ચૂક્યા છીએ કે જાહેરમાં સૂરહ ફાતેહા ઉમ્મુલ ક્તિાબ છે; અને બાતિનમાં મૌલાના મુરતુઝા અલી અલૈહિસ્સલામ ઉમ્મુલ ક્તિાબ છે. કેમકે ઈમામે મુબીન (જાહેર ઈમામ) પણ અને લોહે મહેફુઝ પણ તે જ છે, જ્યારે કે નૂરે નબુવ્વત સર્વવ્યાપક

અક્લ છે અને નૂરે ઇમામત સર્વવ્યાપક જીવ છે; અને જ્યારે નૂરે મુહમ્મદ અર્શે અઝીમ છે અને નૂરે અલી અનંત કુરસી; તો એ બાબત જાણાઇ કે પરવરદિગારે આલમે નૂરે મુહમ્મદીની કલમ વડે નૂરે અલીના લોહે મહેફુઝ પર કુરાને મજીદ લખી રાખ્યું છે, પછી કુરાન ધીરે ધીરે તન્ઝીલ અને તાલીમ સ્વરૂપે હઝરત મુહમ્મદ (સ.અ.વ.)ની જાત (વ્યક્તિત્વ) ઉપર નાઝીલ થયું; અને આપ (હઝરત મુહમ્મદ સ.અ.વ.)એ ઇસ્મે આઝમની (તાલીમ) કેળવણી દ્વારા કુરાનની રૂહ અને રૂહાનિયત એટલે કે અમલી તાવીલની હિકમતોને પોતાના હક્દાર (બરહક) જાંનશીન-વારસ મૌલા અલી (અ.સ.)ને સોંપી; અને એ મહાન કામ ઇમામતમાં વંશ પરંપરાગત (નસલ બાદ નસલ) કાયમ રહ્યું (જારી અને સારી રહ્યું). અર્થાત પ્રત્યેક ઇમામે પોતાના વારસ ઇમામને ઇસ્મે આઝમના વસીલાથી કુરાનની રૂહ (નૂર) રૂહાનિયત નૂરાનિયત અને અમલી તાવીલ સોંપી દીધી. આ પ્રણાલિકા (સુન્નત) ન ફક્ત હુઝૂરે અનવર (સ.અ.વ.) અને તેમના વારસ પવિત્ર ઇમામોની છે. પરંતુ તેમનાથી પહેલાં હઝરત ઇબ્રાહીમે પણ એ જ સુન્નત પ્રમાણે અમલ ક્ર્યો હતો, જે માટે ફરમાવેલું છે કે :

'વજઅલહા કલીમ બીકીય્ય ફી અકીબીહી લઅલહુમ યરજીઉન' (૪૩/૨૮) અર્થ : અને ઇબ્રાહીમે તે (રૂહાનિયત અને ઇમામત)ને પોતાની ઓલાદમાં બાકી રહેનાર કલમા (ઇસ્મે આઝમ) તરીકે બતાવ્યું, જેથી લોકો (ઇસ્મે આઝમને કારણે) હાજર થતા રહે-રજૂ કરતા રહે.'

આ જ કાયદો ખુદા તઆલાની (સુન્નત) પ્રણાલિકા છે, જે સઘળા પયગમ્બરોના માટે નક્કી કરેલ છે. જેમ કે ફરમાવવામાં આવેલ

છે કે :

'અને જ્યારે અલ્લાહ તઆલાએ અંબિયાઓથી વચન લીધું કે હું તમને જે કંઇ પુસ્તક અને હિકમત અર્પણ કરું, તે પછી તમારી પાસે કોઇ પયગમ્બર આવે, જે તમારી પાસે જે કંઇ છે તેની કબૂલાત કરનાર હશે. (તસદિક કરનાર હશે) તો તે રસૂલ ઉપર ભરોસો કરજો; અને તેમની મદદ કરજો. ફરમાવ્યું કે, શું તમોએ સ્વીકાર કર્યો અને તે ઉપર મારો હુકમ કબૂલ કર્યો ? તેમણે કહ્યું : અમોએ સ્વીકાર કર્યો. ફરમાવ્યું : પછી તમો સાક્ષી રહેજો અને હું પણ તમારી સાથે સાક્ષી પૂરનાર માંહેનો છું. (૩ : ૮૦)

આ મુબારક ફરમાનથી એક તરફ તો એ હકીકતની ખબર પડે છે કે નબુવ્વતના સમયમાં અંબિયા અલૈહિસ્સલામનો સિલસિલો (પરંપરા) સંપૂર્ણ રીતે જોડાયેલ અને (જરા પણ તૂટ્યા વગર) અતૂટ ચાલ્યો આવ્યો હતો; અને બીજી તરફ એ જણાય છે કે દરેક પયગમ્બરે પોતાના પછીના પયગમ્બર ઉપર ન ફક્ત ભરોસો કર્યો, બલકે ઇસ્મે આઝમની કેળવણી દઇને દરેક રીતે તેની મદદ પણ કરી; અને એ જ હેતુસર ખુદાવંદ તઆલાએ અંબિયા અલૈહિમુસ્સલામથી વચન લીધું હતું.

પયગમ્બરોને એ જ ઇસ્મે આઝમના વસીલાથી નૂર અને નૂરાનિયત તથા પુસ્તક અને હિકમત મળી હતી, કેમકે ખુદાએ બુઝુર્ગવાર પોતાનાં સારાં સારાં નામોના વસીલાથી સાંભળે છે; અને અક્કલ તથા રૂહની સઘળી બરક્તો અલ્લાહ તઆલાના ઇસ્મે આઝમમાં છૂપાયેલી છે, જેમ કે ફરમાવવામાં આવ્યું છે કે--

'તબારક ઈસ્મુ રબ્બિક ઝીલજલાલી વલ ઈકરામ' (૫૫ : ૭૮). અર્થ : ખૂબ જ બરક્તવાળું નામ છે તમારા પરવરદિગારનું, જે (જલાલતવાળો) શાનવાળો અને કરામતવાળો છે. જાણવું જોઈએ કે અહી રબ્બ (પરવરદિગાર)ના નામથી હેતુ છે. ઈસ્મે આઝમ અને તેનું શાનવાળા (બાબરક્ત) હોવાનો એ અર્થ છે કે તે સઘળી જાહેર અને બાતિની બરક્તો જે અલ્લાહ તઆલા તરફથી અર્પણ થાય છે, ઈસ્મે આઝમના ભંડાર (ખજાના)માંથી મળ્યા કરે છે; અને એ જ બરક્તોમાં હકીકી મોમીનો માટે આસમાની પુસ્તકનું જ્ઞાન અને હિકમત પણ છે, જેનો અર્થ છે કુરાનની પવિત્ર રૂહ અને રૂહાનિયત એટલે કે અમલી તાવીલ. માટે સૂરહ કમર (૫૪)ની આયત નંબર ૧૭, ૨૨, ૩૨ અને ૪૦માં અલ્લાહ તઆલાનું તાકીદ પૂર્વક્નું ફરમાન છે કે 'વલક્દ કુરાને લી ઝીકરી ફહૅલ મીમ્મ ઝીકરી' અને અમોએ કુરાનને ઝીકર તથા શિખામણો માટે સહેલું કરી દીધું છે, તો કોઇ યાદ કરનાર છે, કુરાનને ઝીકર તથા શિખામણો માટે આસાન (સહેલું) કરી દેવું એ છે કે તે ટૂંકાથી ટૂંકું થઇને ઈસ્મે આઝમમાં સમાયેલું છે, જેથી હકીકી મોમેનીન સહેલાઇથી તેને યાદ કરી લીધા કરે (ઝીકર ક્ર્યા કરે); અને પરિણામે તેની રૂહાનિયતથી કુરાનની જીવંત અને મોં બોલતી હકીક્તો સામે આવે અને એ જ છે કુરાનની હિકમત અને અમલી તાવીલ.

હક તઆલાએ હઝરત આદમ (અ.સ.)ને જે નામોનું જ્ઞાન (ઇલ્મે અસ્મા) અર્પણ કરેલું, તે દર હકીક્ત ઈસ્મે આઝમના પરિણામ અને ફળોના સ્વરૂપમાં હતું; અને હ. આદમ અલૈહિમુસ્સલામે નામો

વિશે ફરિશ્તાઓને જે ભવિષ્યવાણી કરી હતી, તે પણ કોઇ જાહેરી કેળવણી (જ્ઞાન) નહોતી, પણ અલ્લાહ તઆલાના મહાન નામોની જ કેળવણી હતી, જે હઝરત આદમના આસમાની પુસ્તકની હેસિયત ધરાવે છે.

નબુવ્વતના સમયમાં, ઝમાનાનો પયગમ્બર જ અલ્લાહ તઆલાના નૂરાની ઈસ્મે આઝમની હેસિયતથી હોય છે; અને ઈમામતના સમયમાં ઝમાનાનો ઈમામ એ જ મરતબો ધરાવે છે; અને માનવંત અંબિયાઓ તથા ઈમામો 'અલૈહિમુસ્સલામમાંથી દરેક પોતાના વખતના અમુક હકીકી મોમીનોને કોઇ શબ્દનો ઈસ્મે આઝમ અર્પણ કરી દે છે; અને તે થકી જ્યારે એવા મોમીનોને પ્રગતિ અને સફળતા મળે છે, તો તેમને રૂહાનિયતના જુદા જુદા રસ્તાઓ (ઝરીયાઓ) મારફત કુરાની જ્ઞાન અને હિકમતનો ફાયદો મળવા લાગે છે. દીનના બુઝુર્ગોએ સચ્ચાઇ અને મા'રફતનાં જે મોતીઓ વિખેરી દીધાં છે તે એ જ ઈસ્મે આઝમ થકી છે.

ઈસ્મે આઝમ ખુદા, રસૂલ (સ.અ.વ.) તથા ઈમામે ઝમાનનું નૂર છે. એ જ નૂર કુરાનની રૂહ અને નૂર (પ્રકાશ) છે, એ જ રૂહ નૂરે હિદાયત અને નૂરે ઈમાન છે, એ જ મોમીનોનું નૂર છે; અને એ જ નૂર (સિરાજે મુનીર) યાને દિવ્ય પ્રકાશ છે, તેનાથી જ ઈમાનવાળાઓની દિલની દુનિયા પ્રકાશિત થઇ જાય છે; અને એ જ નૂર કાએનાતની (ઊંચાઇ) ચડતી અને પડતીનો પ્રકાશ છે.

જ્યારે અલ્લાહ તઆલાના મહાન નામની ખાસ ઈબાદત અને (પ્રેક્ટિસ) અભ્યાસમાં કોઇ મોમીન બંદો ઉચ્ચ દરજ્જા પર

સફળતા મેળવે છે, તો તેના માટે ખુદાવંદી રહેમતના દરવાજાઓ વિશાળ થઇ જાય છે. એક એવી બેનમૂન કાએનાત જે રૂહાનિયત અને નૂરાનિયતથી ભરેલી છે, જેનો દરેક ક્રણ પોતાના હજારગણા જલ્વા સાથે અને અતિશય પ્રકાશ (રોશની) સહિત દિલની આંખોને ભરી દે છે, તે રાત-દિવસ મોમીનની સામે રહે છે, તે આ જાહેરી અને ભૌતિક દુનિયાથી વિરુદ્ધ છે; કેમકે તેની ચાર નિશાનીઓ અક્કલ તથા જાન, તનઝીલ અને તાવીલની છે. તે એક એવી દુનિયા છે જેની દરેક વસ્તુ એક બોલતા પુસ્તકની હેસિયત ધરાવે છે. કેમ ન હોય, જ્યારે કે તે રૂહાની દુનિયા અને ઇસ્મે આઝમની નૂરાનિયત છે અને જ્યારે કે તે કુરાની જ્ઞાન અને હિકમતની જન્નત છે.

અંબિયા અને ઇમામો. અલૈહિમુસ્સલામના માર્ગદર્શન હેઠળ (નકશે કદમ પર) મોમીનની રૂહાની પ્રગતિ જે ઇસ્મે આઝમના વસીલાથી થઇ શકે છે, તે વિષયની સમજૂતી આ મુજબ છે. જેનું વર્ણન કરવામાં આવ્યું છે, પણ અમો નથી કહી શકતા કે અમારાથી પવિત્ર કુરાન અને ઇસ્મે આઝમ જેવી બે મહાન હકીકતોની ઓળખાણ અને ચર્ચાનો હક અદા થઇ શક્યો છે.

* □ *